ગાંધીનગર સમાચાર
તા. ૯-૧-૨૦૧૫, શુક્રવાર

## તંત્રી સ્થાનેથી....

### ગાંધી સ્વદેશાગમ શતાબ્દી

ગીતામાં ભગવાન કૃષ્ણે અભયવચન આપ્યું છે. : સંભવામિ યુગે યુગે ! ગાંધીજીને ભવિષ્યની પ્રજા કૃષ્ણનો જ કળિયુગી અવતાર ગણે તો નવાઈ નહી. સો વરસ અગાઉ આજના દિવસે દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહની અહિંસક લડાઈ જીતીને સ્વદેશમાં પાછા ફરેલા બેરિસ્ટર એમ.કે.ગાંધીને કદાચ સ્વપ્ને પણ ખ્યાલ નહી હોય કે દેશમાં પગ મુકતાંની સાથે ગુલામીમાં સબડતી પ્રજા એમને તારણહાર તરીકે હૃદય સિંહાસન પર બિરાજમાન કરી દેશે. આઝાદીની ચળવળ ચલાવી રહેલી એલન ઓકટેવિયન હ્યુમ જેવા અંગ્રેજ દ્વારા સ્થપાયેલી અને ભારતીય બૌદ્ધિકોની કલબ જેવી કોંગ્રેસ જાણે કોઈ લોકનેતાની જ રાહ જોઈ રહી હતી. ગાંધીજીએ એમના પર જેમનો સૌથી વધારે પ્રભાવ હતો એવા એમના રાજકીય ગુરૂ ગોપાળકૃષ્ણ ગોખલેની સલાહ માનીને પુરૂં એક વરસ મૌન રહી ભારત ભ્રમણ કર્યું. એમને સૌથી પહેલો મંચ સાંપડયો બનારસ હિંદુ યુનિવર્સિટીના ઉદ્દઘાટન નિમિત્તે વારાણસીમાં ત્યાં એમણે પોતાને જે કંઈ સાચું લાગતું હતું તે તડ ને ફડ ભાષામાં કહી દીધું. સ્થાપિત હિતો અને અંગ્રેજોની ધાકમાં જીવનારા ધનકુબેરો તથા રાજા મહારાજાઓને એમનું ભાષણ નહોતું ગમ્યું પરંતુ એ પવિત્ર ભૂમિમાં જ બેરિસ્ટર ગાંધીનું રાષ્ટ્રીય નેતામાં રૂપાંતરણ થયું. એ બધી ભૂલી-બિસરી યાદોને ગાંધીના સ્વદેશાગમનની શતાબ્દીએ સંભારતાં રોમાંચિત થઈ જવાય એવું છે. જરા વિચારી જુઓ : જો ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી પાછા ફર્યા બાદ કોચરબ અને સાબરમતીમાં આશ્રમ સ્થાપીને ન રહ્યા હોત તો ભારતની આઝાદીની ચળવળ કઈ દિશામાં ફંટાઈ હોત? વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગાંધીના સ્વદેશાગમનની એ ઐતિહાસિક તિથિની પરંપરાગત ઉજવણી દિલ્હીને બદલે અમદાવાદ-ગાંધીનગર ખાતે યોજીને ગાંધીનું ગુજરાતની પ્રજાનું અને ધરતીનું ઋણ ઉતારવાનો જ પ્રયાસ કર્યો છે. મહાત્મા મંદિર ખાતે 'સોલ્ટ માઉન્ટ'-દાંડી કુટીરનું અદ્દભુત મ્યુઝિયમ એ ગાંધીજીવનનું વિશિષ્ટ દસ્તાવેજીકરણ છે, જે આપણા એનઆરઆઈ સ્વજનો અને ગુજરાતની નવી પેઢી માટે સાચા અર્થમાં દીવાદાંડી સમાન બની રહેશે. વરસોવરસ વાઈબ્રન્ટ પર્વ ઊજવતા પાટનગર ગાંધીનગરના આંગણે આવો ભવ્ય મહોત્સવ કદાચ પહેલી જ વાર યોજાઈ રહ્યો છે. 'વાઈબ્રન્ટ' સાથે સાંકળીને આ પર્વને વધુ ઉજમાળું બનાવવા માટે રાજયનાં મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલથી લઈ ભારતનાં વિદેશમંત્રી શ્રીમતી સુષમા સ્વરાજ સહિતની હસ્તીઓને ભારે જહેમત ઉઠાવી છે. ગાંધીજીને પ્રિય એવો 'સ્વચ્છતા'નો સંદેશ જયારે આધુનિક ટેકનોલોજીના ખભે ચડીને વૈશ્વિક પ્રજાને ગુજરાતમાં રોકાણો કરવા - 'મેક ઈન ઈન્ડિયા'ના ગાંધી પ્રેરિત 'સ્વદેશી' મંત્રને સાર્થક કરવા પ્રેરે, ત્યારે એની ઉજવણી પાછળ થયેલ અઢળક ખર્ચનાં રોદણાં રોવાની જરૂર ખરી? ગાંધીમૂલ્યોને વર્તમાન સંદર્ભે મૂલવવાની વિચક્ષણ વડાપ્રધાનની રાજનીતિ સાથે મતભેદ હોઈ શકે, પરંતુ વિશ્વ આખું જેમની વિચારસંપદાથી અંજાયું છે એવા મહામાનવના પ્રદાન વિશે આપણી જ નવી પેઢી કે આપણા જ વિદેશવાસી સ્વજનો માહિતગાર બને અને ગુજરાત તથા ભારતની ગરિમાનો મૂલ્યબોધ સમજે, તે પણ એટલું જ જરૂરી છે. નરેન્દ્ર મોદીએ ભારતની વેરે-વિખેર શક્તિને સંગઠિત કરી વિશ્વને ગાંધી ચીંધ્યા માર્ગે વળવાની હાકલ કરી છે. આ પાવન પ્રસંગે આપણે સૌ રાષ્ટ્રપિતાના સ્વપ્નનું સાચું 'સ્વરાજ'-'ગ્રામરાજ' અને 'રામરાજય' સ્થાપવા માટે એમના જ આશીર્વાદ યાચીએ.

# શાળાએ અચાનક રજા રદ કરી અને સોશ્યલ મીડીયાએ બાળકોને હાજર કર્યા

**પોલીસની રસ્તાઓ બંધ કરવાની જાહેરાતના પગલે હિલવુડ્ઝ શાળામાં ૧૯મી સુધી બાળકોને રજા જણાવાઈ હતી : રસ્તા ચાલુ રહેતા શાળા ચાલુ રાખવાની સૂચના બાળકોએ વોટ્સએપ દ્વારા શેર કરી ૧૦૦ ટકા હાજરીથી શિક્ષકોને ચોંકાવ્યા**

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરમાં યોજાઈ રહેલ વાયબ્રન્ટ પ્રદર્શન થકી વિશ્વને ગુજરાતના અસ્મિતા અને તેના પાટનગરની ક્ષમતાનો પરિચય થઈ રહ્યો છે. આ ઉત્સવને પગલે નગરમાં શાળાઓમાં સંચાલકોને ભારે અસમંજસની પરિસ્થિતિ પેદા થવા પામી છે. જો કે આ પરિસ્થિતિમાં સોશ્યલ મીડીયા આ સંચાલકોની મદદે આવી રહ્યું છે. ગાંધીનગરની હિલવુડ્ઝ નામની શાળામાં પ્રવાસી ભારતીય દિવસ અને વાયબ્રન્ટના પગલે વિદ્યાર્થીઓને આવન જાવનમાં મુશ્કેલી પડશે તેમ વિચારીને જાહેર કરાયેલી રજા કેન્સલ કરવાની સૂચના વિદ્યાર્થીઓએ જાતે જ વોટ્સએપ પર શેર કરી ૧૦૦ ટકા હાજરી દ્વારા સંચાલકોને પણ આશ્ચર્યમાં મુકી દીધા હતા.

સોશ્યલ મીડીયાનો જો હકારાત્મક ઉપયોગ કરવામાં આવે તો કેટલું ઉપયોગી નિવડી શકે તેનું આ ઉદાહરણ આજે જોવા મળ્યું હતું. હિલવુડઝ શાળામાં બાળકોને 'હવે તા. ૧૯મી જાન્યુઆરીએ જ સ્કૂલમાં આવજો' તેવી મૌખિક સૂચના ગત શનિવારે જ આપી દેવાઈ હતી. આ સૂચના પાછળ નગરમાં ચાલી રહેલા પ્રવાસી ભારતીય દિવસ અને વાયબ્રન્ટ સમિટના પગલે પોલીસ અને તંત્ર દ્વારા વિવિધ રોડ રસ્તાઓ બંધ કરવાની અને રીક્ષા-ટેક્ષી સહિતના વાહનો પણ બંધ કરાશે તેવી જાહેરાતના અહેવાલોને કારણે વિદ્યાર્થીઓને મુશ્કેલી ના પડે તેમજ ક્યાંક અટવાઈ ના જાય તે હેતુ હતો. પરંતુ સોંવારે સવારે શાળા સંચાલકોએ જોયુ કે પોલીસ દ્વારા ઘણા બધા બંધ કરાયેલા રૂટ ખોલવામાં આવ્યા છે અને વાહનોને પણ આવનજાવન કરવા દેવાઈ રહી છે ત્યારે આચાર્યએ શાળાના તમામ શિક્ષકોને શાળા ચાલુ રાખવા જણાવાયુ હતુ. શાળાના શિક્ષકોએ આ સૂચના દરેક વર્ગ દીઠ એક-બે બાળકોને આપી અને તેને બાકીના વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવા જણાવી દીધુ હતુ. આ બાળકોએ પોતાના માતા-પિતાના મોબાઈલ પરથી વોટ્સએપ દ્વારા પોતાના વર્ગના બાકીના વિદ્યાર્થીઓ સુધી આ સંદેશો પહોંચાડ્યો હતો. જેના કારણે ગણતરીના સમયમાં જ તમામ બાળકોને શાળા ચાલુ હોવાની જાણ થવા પામી ગઈ હતી અને તેઓ ઝડપથી શાળાએ પહોંચી ગયા હતા.

શાળાના શિક્ષકો અને આચાર્યને મનમાં થયુ હતુ કે મોટા ભાગના બાળકો કદાચ આ સૂચનાથી વંચિત રહી જશે અથવા તેમને ખબર પડવામાં એક-બે દિવસ લાગશે. પરંતુ તેમના આશ્ચર્ય વચ્ચે તમામ બાળકો શાળાના સમયે હાજર થઈ ગયા હતા. અમુક વર્ગમાં તો વખતોવખત લેવાતા ટેસ્ટમાં પણ બે-ચાર વિદ્યાર્થી ગેરહાજર રહેતા હતા. તેમાં પણ સંપૂર્ણ ૧૦૦ ટકા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. અને વર્ગ શિક્ષક હાજરી ચેક કરતા આશ્ચર્યમાં મુકાઈ ગયા હતા. તેમણે બાળકોને પ્રશ્ન કર્યો કે 'પરીક્ષામાં પણ ૧૦૦ ટકા હાજરી જવલ્લે જોવા મળે છે તો રજા જાહેર કરી હોવા છતાં તમામ કેવી રીતે હાજર થઈ શકયા ?' ત્યારે બાળકોએ જવાબ આપ્યો હતો કે 'સર, તમે અમને વોટ્સએપ વગેરેનો ઉપયોગમાં રજા માટે નહી ભણવા માટે પણ કરવાની અનેક વાર ટકોર કરી હતી તો આજે અમે તે પણ કરી બતાવ્યુ છે.

# રાજ્યકક્ષાની કરાટે સ્પર્ધામાં ગાંધીનગરને ૧૪ સુવર્ણચંદ્રક

ગાંધીનગર, તા. ૮

ઓલ ઈન્ડીયા વાડોકાઈ કરાટે-ડો એસોસીએશનની ગુજરાત બ્રાન્ચ દ્વારા વાડોકાઈ કરાટે-ડો અકેડમી, ગુજરાતનાં સહયોગથી ગાંધીનગરમાં રાજ્ય કક્ષાની કરાટે સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાનાં મલ્ટીપરપઝ હોલમાં યોજાયેલી આ સ્પર્ધામાં ૧૦ જિલ્લાનાં ૪૩૯ ચુનંદા ખેલાડીઓએ ભાગ લીધો હતો.



સમગ્ર સ્પર્ધાનું સફળ સંચાલન ટેક્નિકલ ડાયરેક્ટર શિહાન શ્રી અરવિંદભાઈ રાણાના માર્ગદર્શનમાં કરવામાં આવ્યું હતું. સ્પર્ધાની આયોજન સમિતિનાં ચેરમેન તરીકે સેનસાઈ શ્રી ગૌરાંગભાઈ રાણા સેક્રેટરી તરીકે સેનસાઈ શ્રી જિગ્નેશ ઠક્કરે સેવાઓ પ્રદાન કરી હતી. આ સ્પર્ધામાં સૌથી વધુ ૧૮ ગોલ્ડ મેડલ્સ મેળવી આણંદ જિલ્લાની ટીમ પ્રથમ સ્થાને રહી હતી. જ્યારે ગાંધીનગર જિલ્લાની ટીમ ૧૪ ગોલ્ડ મેડલ્સ, ૧૫ સિલ્વર મેડલ્સ તથા ૨૮ બ્રોન્ઝ મેડલ્સ મળીને કુલ ૫૭ મેડલ્સ સાથે દ્વિતીય સ્થાને રહી હતી. જ્યારે ગત વર્ષે રનર્સ-અપ રહેલી પોરબંદરની ટીમ આ વર્ષે તૃતીય સ્થાને રહી હતી.

અત્રે એ ઉલ્લેખનીય છે કે ગાંધીનગરની રનર્સ-અપ રહેલી ટીમને સેનસાઈશ્રી ગૌરાંગભાઈ રાણા, જિગ્નેશભાઈ ત્રિવેદી, વિશાલભાઈ મિસ્ત્રી, યોગેશ વિશ્વકર્મા, દર્શન સુથાર, હનુ પરમાર તથા સુરજ ત્રિપાઠીએ પ્રશિક્ષણ આપ્યું હતું.

સાંજે ૫-૩૦ કલાકે ચુનંદા ખેલાડીઓની ફાઈનલ ફાઈટ્સ રમાડવામાં આવી હતી. અત્યંત રોમાંચક અને ઉત્સાહભર્યા વાતાવરણ વચ્ચે યોજોલી આ અંતિમ ફાઈટ્સ જોઈ ઉપસ્થિત વાલીગણ તથા મંચસ્થ મહાનુભાવો ખૂબ પ્રભાવિત થયા હતા. સ્પર્ધાના સમાપન પ્રસંગે કરાટે એસોસીએશનનાં ચેરમેન શિહાન શ્રી રાજેશભાઈ અગ્રવાલ, ટેક્નિકલ ડાયરેક્ટર શિહાન શ્રી અરવિંદભાઈ રાણા, સંરક્ષક શ્રી જગતભાઈ કારાણી, સાઈનાં પ્રશિક્ષણ કેન્દ્રનાં પ્રભારી શ્રી એસ. એમ. ધુમલ તથા બેડમીન્ટનનાં ચીફ કોચ શ્રી દિનેશભાઈ બડમલીયા વગેરે મંચસ્થ મહાનુભાવોના વરદ હસ્તે વિજેતા ખેલાડીઓને મેડલ્સ વિજેતા ટીમને તથા રનર્સ-અપ ટીમને ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. સમાપન સમારોહનું સફળ સંચાલન સિનીયર કોચ સેનસાઈ શ્રી વિશાલભાઈ મિસ્ત્રી તથા સેનસાઈ શ્રી હિરેનભાઈ માંકડ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અકેડમીનાં ભૂતપૂર્વ બ્લેક બેલ્ટ નિષ્ણાત વિદ્યાર્થીઓએ પણ ઉપસ્થિત રહી સ્પર્ધાને માણી હતી. મંચસ્થ મહાનુભાવોના હસ્તે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સન્માન પણ કરવામાં આવ્યું હતું.

## હરિની દૃષ્ટિ...




ફોરેન જવા લાઇનમાં ઊભા રહેવાના દિવસો ગયા... મોદીજીએ અહીં જ કરી દીધું... !!

# સેન્ટ ઝેવિયર્સમાં ૧૯૭૨માં ધો. ૧૧માં ભણેલા વિદ્યાર્થીઓ ૪૨ વર્ષે ફરી મળ્યા

**શાળા કેમ્પસમાં યોજાયેલા આ મિલનમાં ૭૫ થી વધુ વર્ષની જૈફ આયુ ધરાવતા ગુરૂજનોને પણ નિમંત્ર્યા : ભૂતકાળના સંસ્મરણો અને જીવન સફરના પ્રસંગો તાજા કરી ભાવુક બન્યા**

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરની સેંટ ઝેવિયર્સ હાઈસ્કૂલ અને ૧૯૭૨ની સાલમાં



જ્યારે સેક્ટર-૨૦માં હતી તે વર્ષે શાળાના ધોરણ-૧૧માં અભ્યાસ કરતાં વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓએ નવા વર્ષ નિમિત્તે તાજેતરમાં ફરી ૪૨ વર્ષ પછી મળીને તેમની જીવન સંધ્યાને ભૂતકાળના અમૂલ્ય સંસ્મરણોને તાજા કર્યા હતા.

આ પ્રસંગે વિદ્યાર્થી વિદ્યાર્થીનીઓએ તેમના ગુરૂજનોને પણ યાદ કરીને સામેલ કર્યા હતા અને તેમની સાથે જીવન સફળના પ્રસંગોને માણ્યા હતા. આ અદ્‌ભૂત મિલનમાં ૭૫ વર્ષથી વધુ જૈફ વયના ગુરૂજનો જેમાં કુંદનબેન દવે, ઉષાબેન બુચ, શૈલેષ પંડ્યા, નટુભાઈ પટેલ, ડાભી સાહેબ, એ.સી. વ્યાસ અને પરમાર સાહેબ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે શાળાના આચાર્ય ફાધર હેક્ટર પીન્ટોએ સે. ૮માં શાળાના કેમ્પસમાં યોજવા પ્રેરિત કર્યા હતા અને આ કાર્યક્રમનું સંકલન અને આયોજનમાં નિવૃત્ત સંયુક્ત સચિવ મુકેશ વેદ, પરાશર સુડીવાળા, સુનિલ પરીખ, ભરત કંથારિયાએ કર્યુ હતુ. તેમજ મીના વચ્છરાજાનીએ તમામ સહઅધ્યાયીઓને એકત્ર કરવા જહેમત ઉઠાવી હતી.

# શનિવારે હીરામણી મીડિયા એજયુકેશન ઈનસ્ટીટયુટનો પદવીદાન સમારંભ યોજાશે

ગાંધીનગર તા.૮

ગાંધીનગર સરખેજ હાઈવે પર આવેલ હીરામણી ઈન્સ્ટીટયુટ ઓફ મીડીયા એજયુકેશન એન્ડ રિસર્ચનો ચોથો પદવીદાન સમારંભ તા.૧૦મી જાન્યુઆરી શનિવારે સવારે ૧૦:૩૦ વાગે યોજાશે. આ સમારંભ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડૉ.એમ.એન. પટેલના મુખ્ય મહેમાન પદે યોજાશે. આ પદવીદાન સમારંભમાં જનસહાયક ટ્રસ્ટના પ્રમુખ નરહરિભાઈ અમીન ઉપસ્થિત રહેશે. આ સમારંભ સંસ્થાના કેમ્પસમાં આવેલ હીરામણી કોન્ફરન્સ હોલ ખાતે યોજાશે. જેમાં ૨૯ વિદ્યાર્થીઓને પોસ્ટ ગ્રેજયુએટ ડિપ્લોમાં ઈન માસ કોમ્યુનિકેશનના પ્રમાણપત્રો તેમજ તેમાંથી ૯ વિદ્યાર્થીઓને મેડલ્સ એનાયત કરાશે. પી.એચ.ડીન. પદવી મેળવવાનાર ૩ વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવશે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

# મોબાઇલ અને ગેઝેટ્સની માયાજાળમાં ખોવાયેલી નવી પેઢી તો 'ભારતીયતા'થી જોજનો દૂર થતી જાય છે, એને બચાવવી જરૂરી છે, એ શિક્ષણ જ કરી શકશે

## ચિંતન
## શિક્ષણમાં ભારતીયતાનો આવિર્ભાવ

હર્ષદ પ્ર. શાહ

આપણો... મનુષ્યનો સ્વભાવ છે કે આપણે સતત ઈષ્ટ તત્ત્વની અભીપ્સા સેવતા હોઈએ છીએ. કંઈક સારું વિચારવું, સત્યને શોધવું ને પામવું અને, ઈચ્છિત અને સુવિચારિત લક્ષ્ય સુધી પહોંચવું એ પ્રગતિવાંછુ મનુષ્યોની જીવવાની શૈલી રહી છે.

હું છેલ્લાં ૫૦ વર્ષોથી સમાજાભિમુખ જીવન જીવી રહ્યો છું. ભારતીય જનજીવનના પ્રવાહના અનેક વળાંકો મેં જોયા છે. જનજીવનમાં વપરાતા કેટલાક શબ્દોમાં બહુચર્ચિત શબ્દો છે. - પ્રગતિ અને વિકાસ. પ્રગતિ કરવી એટલે શું? અને વિકાસ કરવો એટલે શું? એ વાત મોટા ભાગનો જનસમાજ સારી પેઠે સમજી શકતો નથી એવું લાગ્યા કરે છે. આવા શબ્દોના સાચા હાર્દને સમજી શકરવાને કારણે જીવનની દિશા ખોટી પકડાય છે. કેટલાક લોકો ભૌતિક વિકાસને... વૈભવને પ્રગતિ માની ગળે લગાડે છે. વિદેશી જીવનશૈલીનું આંધળું અનુકરણ કરી નિજાનંદ માણે છે. એવા લોકોનો સમાજ-ઘટકો સાથે જીવંત સંપર્ક નથી રહેતો. એમની રહેણીકરણી, વિચારશૈલી, જીવનશૈલી સ્વકેન્દ્રી બનતી જાય છે. 'સર્વ' નામના વિષયનું કોઈ જ મહત્ત્વ એમને હોતું નથી. પરિણામ એ નીપજે છે કે સમાજનું એક અંગ હોવા છતાં વિચ્છિન્ન બને છે. પોતાની આજુબાજુ રહેતા લોકો કે જીવોની એમને પરવા હોતી નથી. આ કંઈ એકાત્મભાવ નથી, સ્વાર્થવૃત્તિ છે. એમનો ભારતીયતા સાથેનો નાતો રહેતો નથી. Modernisationના પગલે તેમનું Westernisation થઈ જાય છે.

મારે જે કહેવું છે તે એ કે પ્રત્યેક ભારતીયમાં ભારતીયતા ભારોભાર હોવી ઘટે. ભારતની માટીની મહેક એમના વ્યકિતત્વમાં વણાઈ જવી જોઈએ. આપણું રાષ્ટ્ર ભારત છે. તેથી ભારતીયતાનો ભાવ વિકસવો એનો અર્થ છે. રાષ્ટ્રીયતાનો ભાવ વિકસવો. આવું થાય તો રાષ્ટ્ર સમર્થ બને. ભારતમાં જીવતી પ્રત્યેક વ્યકિત ભારતની દિલથી ચાહે, એના હિતનો જ વિચાર હંમેશાં કરે અને પોતાની સર્વ કૃતિ આ દેશની સંસ્કૃતિને સંવર્ધિત કરવા માટે સમર્પે તો ભારત સમગ્ર વિશ્વના રાષ્ટ્રોની માલિકાનું એક ઝળહળતું મોતી બને.

આવું ત્યારે જ સંભવ છે કે આપણા પરિવારો બાળકોને ગળથૂથીમાં જ ભારતીયતાનું પીયુષ પાય, આપણા શિક્ષણમાંથી ડગલે ને પગલે ભારતીય સત્ત્વ-તત્ત્વ અભિવ્યકત થાય.

અને તેથી શિક્ષણમાં ભારતીય ચિંતન આવશ્યક છે. અનિવાર્ય છે. ભારતના પ્રત્યેક શિક્ષણવિદ માટે એ પ્રાથમિકતાનો વિષય બનવો જોઈએ. શિક્ષણમાં ભારતીયતાનો અર્થ એ નથી કે 'ભારત' થી ઉપર ઉઠીને કંઈ ન વિચારવું. વાસ્તવમાં 'ભારત' માંથી પ્રસ્ફુટિત થયેલું જ્ઞાન તો અતિ વ્યાપક, વિશાળ અને વૈશ્વિક છે. સમગ્ર વિશ્વના હિતમાં છે.

ભારતે 'ભારતીયતા'માં કેટલી બધી વૈશ્વિકતા અને સમગ્રતા સમાવી છે એ કેટલાંક સૂત્રોથી સમજાશે-

વસુદૈવ કુટુંબકમ - આખી વસુધા એક કુટુંબ છે.
કુણ્વન્તો વિશ્વમાર્યમ - સમગ્ર વિશ્વને અમે સુસંસ્કૃત બનાવીશું.
પ્રદીયેમ જગતસર્વમ - અમે આખા જગતને અજવાળીશું.
આત્મવત્ સર્વભુતેષુ - પ્રત્યેકમાં સમાન આત્મતત્ત્વ સમાયેલું છે.
અહમ્ બ્રહ્માસ્મિ તત્ત્વમસિ - મારામાં બ્રહ્મતત્ત્વ છે, તે જ તારામાં પણ છે.
સર્વડપિ સુખિન સન્તુ - જગતના સર્વ જીવો સુખી થાઓ.

આપણા શિક્ષણમાં આવું બધું શીખવવાથી આપણા વિધાર્થીઓની વ્યાપકતા વધે કે સંકુચિતતા જન્મે ? પણ, Global ની દોડમાં Local સાવ ભુલી ગયા. તેથી મારૂ સ્પષ્ટ પણે એવું માનવું છે કે શિક્ષણમાં ભારતીયતાનો આવિષ્કાર કર્યા વિના, એ તત્ત્વને સમાવ્યા વિના પ્રગતિ, વિકાસ કે વૈભવ શકય જ નથી.

વૈભવની વ્યાખ્યા કરવાનો થોડો પ્રયત્ન કરું.

વૈભવ એટલે -
સ્વસ્થ સમાજજીવન
સંસ્કારોની ઉંચાઈ
ભારતીય જીવનમૂલ્યોનું જતન
સહઅસ્તિત્વ અને સહિષ્ણુતાની સમજ
વ્યકિત નહી, સમિષ્ટનો વિચાર
જ્ઞાન-વિજ્ઞાનનો વૈભવ
કલા-સાહિત્યનો વૈભવ

ભારતને આવા વૈભવથી વૈભવસંપન્ન કરવું હોય તો શિક્ષણને ભારતીયતાના રંગે રંગવું જોઈએ. આ તબક્કે મને શિક્ષણના માધ્યમથી ત્રણ અપેક્ષાઓ વ્યકત કરવાનું મન થાય છે.

શિક્ષણ એવું હોવું જોઈએ કે જેનાથી-
(૧) વ્યકિતનું ચારિત્ર્ય નિર્માણ થાય.
(૨) સમાજ અને રાષ્ટ્રનું આવશ્યકતાઓની પૂર્તિ થાય.
(૩) આંતરરાષ્ટ્રીય પડકારોનો સામનો કરવાનું સામર્થ્ય જન્મે.

ભારતનો ... ભારતીય સંસ્કૃતિનો પ્રાણ અધ્યાત્મ છે. સમગ્ર વિશ્વમાં એ આપણી ઓળખ છે. ઈંગ્લેન્ડના એક વખતના વડાપ્રધાન માર્ગારેટ થેચરે એક વાર ઉચ્ચાર્યું હતું કે ભારતીયતામાં સમગ્ર વિશ્વને માર્ગદર્શન આપવાનું સામર્થ્ય છે. તેથી હે ભારતીયો! તમે તમારી ઓળખ ટકાવી રાખજો.

આવી કેટલીયે વાતો ભારત માટે વિદેશી મહાનુભાવો કરતા રહ્યા છે... પણ, આપણને ઓળખવા કે ઢંઢોળવા માગતા નથી. Journey Within કરવાની જરૂર છે.

પ્રત્યેક રાષ્ટ્ર પોતાની ઓળખ, વિશેષતા અને લાક્ષણિકતાને ટકાવી રાખવા સજાગ, તત્પર અને સક્રિય છે. આપણામાં આ ખૂટે છે.

ઈંગ્લેન્ડનો એક વિદ્વાન ભારતીય વિધાર્થીઓ સમક્ષ એવું કહે કે, "We teach England first and then English!"

આ વાકય ઈંગ્લેન્ડની પોતપણાની ઓળખ માટેની ખુમારી દર્શાવે છે. એવું સાંભળીનેય આપણને એમ ન થાય કે આપણે ભારતીયોને ભારતીયતા શીખવીખે ? આપણે તો -

We will teach English first and Bharat never!

નો પથ અપનાવીએ ભટકી રહ્યા છીએ...

સમજાતું નથી કે આપણને થયું છે શું? આપણે તો જગતને કહેતા હતા કે અમે સિંહશાવક છીએ.... સિંહના દાંત ગણતા ભરતના 'ભારત'ના મહાન વંશજો છીએ. કયાં ગયું આ સિંહત્ત્વ? આપણે શિયાળવાંઓની જેમ શીદને જીવી રહ્યા છીએ? આપણે તો કહેતા વયમ અમૃતસ્ય પુત્રા ! આ અમૃત કયાં અદશ્ય થઈ ગયું? મને તો લાગે છે કે પેપ્સી-કોલના પીણામાં ભળીને વિષ બનીને એ આપણી સમગ્રતામાં ફેલાઈ ગયું!

ખોળિયું ભારતીય, આત્મા વિદેશી
કપડાં વિદેશી,
જીવનશૈલી વિદેશી.

કંઈ જ ભારતીય ન બચાવી રાખવામાં આપણે કયું ગૌરવ અનુભવીએ છીએ? કયાં ગયું આપણું આત્મગૌરવ અને રાષ્ટ્રગૌરવ?

આપણા આવા અબુધબણાને જોઈને વિદેશીઓ મૂછમાં હસતા હશે, આનંદ પામતા હશે. એમને તો મોકળું મેદાન મળ્યું. ભટકેલા ભારતીયોનં વિશાળ બજાર મળ્યું. બારત શું ધર્મશાળા છે કે જગતભરનાં સર્વ અનિષ્ટો અહીં આશ્રય પામે?

આપણને ન તો સ્વનું ગૌરવ છે, ન સ્વભાષાનું ગૌરવ છે કે ન તો આપણા મહાન વારસાનું ગૌરવ છે.

મોબાઈલ અને ગેઝેટ્સની માયાજાળમાં ખોવાયેલી નવી પેઢી તો 'ભારતીયતા'થી જોજનો દૂર થતી જાય છે. એને બચાવવી જરૂરી છે. એ શિક્ષણ જ કરી શકશે. શિક્ષણ તો જ કરી શકશે જો એમાં ભારતીયતાનો આવિર્ભાવ થાય.

શિક્ષણમાં ભારતીયતાનો આવિર્ભાવય શી રીતે કરી શકાય?

આ કહ્યા એના રસ્તા -

- જયાં સુધી સંભવ હોય ત્યાં સુધી શિક્ષણ માતૃભાષામાં આપવું, પ્રાથમિક શિક્ષણ તો અનિવાર્યપણે.
- 'ભારતીય સંસ્કૃતિ' વિષય પાઠ્યપુસ્તકનો અનિવાર્ય હિસ્સો બને,
- વિદેશી ઈતિહાસ પાનેપાનાં ભરીને શીખવવાને બદલે ભારતનો ગૌરવવંતો ઈતિહાસ શીખવવો.
- ભારતીય ઋષિ-વિજ્ઞાનીઓ, સંતો, શૂરવીરો, ક્રાંતિકારી અને ચિંતકોનો વિસ્તૃત પરિચય પાઠ્યક્રમ દ્વારા કરાવવો.
- વિદેશીઓનું અનુકરણ કરીને અત્યારે આપણે ફાઈવ સ્ટાર સ્કૂલો, અદ્યતન વ્યવસ્થાઓ અને સ્માર્ટ કલાસીસમાં નવી પેઢીને ઉછેરી રહ્યાં છીએ. તેની સાથે એને Open University માં ભણાવવાનો વિચાર પણ કરવો જોઈએ.
- શિક્ષણનું કેન્દ્રબિંદુ રાષ્ટ્ર હોવું જોઈએ. રાષ્ટ્રભક્તિ નિર્માણ ન કરી શકે એ શિક્ષણ વ્યર્થ છે. એને ત્યાગવું જોઈએ.
- વ્યક્તિગત ચારિત્ર્ય અને રાષ્ટ્રીય ચારિત્ર્ય એક સિક્કાની બે બાજુ જેવા છે, એકબીજા વિના અધૂરા છે. એ બંનેનું નિર્માણ થઈ શકે એવું શિક્ષણ ઘડવું. કામ અઘરું છે. 'સ્વ'ની ઓળખ મેળવવી સૌથી અઘરું છે. પણ એ કરવું જ પડશે. એના વિના આપણું, ભારતનું અસ્તિત્વ સંભવ નથી. પુરુષાર્થ આદરીએ.